# મનપાની મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરાઈ

## ૨,૮૨,૯૮૮ નોંધાયેલા મતદારો જેમાં ૧,૪૫,૬૯૪ પુરૂષ મતદારો અને ૧,૩૭,૨૮૫ મહિલા તેમજ ૯ અન્ય મતદારો છે : સૌથી વધુ મતદારો વોર્ડ નં. ૯ માં તો સૌથી ઓછા વોર્ડ નં. ૧ માં છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના ગઈકાલે નવા સીમાંકનના આખરી આદેશો પછી આજે મનપા દ્વારા મનપાના મતદારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

મનપા દ્વારા આજે જારી કરાયેલ મતદાર યાદીમાં ૨,૮૨,૯૮૮ મતદારો નોંધાયેલા છે. જેમાં ૧,૪૫,૬૯૪ પુરૂષ મતદારો અને ૧,૩૭,૨૮૫ મહિલા મતદારો તેમજ ૯ અન્ય જાતિના મતદારો નોંધાયેલા છે.

મનપાના નવા સીમાંકનમાં ૨૮૪ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. આજે જાહેર કરાયેલ મતદાર યાદીમાં સૌથી ઓછા મતદારો વોર્ડ નં. ૧ માં છે જ્યારે સૌથી વધુ મતદારો વોર્ડ નં. ૯ માં નોંધાયેલા છે.

નવી મતદાર યાદીમાં વોર્ડ નં. ૮, ૯ અને ૧૦ માં ૩૦ હજારથી વધુ મતદારો નોંધાયેલા છે. જ્યારે વોર્ડ નં. ૨ થી ૭ અને વોર્ડ ૨-૧૧ માં સરેરાશ ૨૧૨૫૯ મતદારોથી લઈ ૨૯,૮૯૩ મતદારો નોંધાયેલા છે. આજે પ્રસિદ્ધ થયેલ મતદારોની પ્રાથમિક યાદી પછી હવે મતદાર યાદીમાં સુધારા વધારા થઈ શકશે. મતદારયાદી મનપાની કચેરી ખાતે જોવા મળશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી એપ્રિલમાં યોજાય તેવા સંકેતો મળી રહ્યા છે.

### કયા વોર્ડમાં કેટલા મતદારો

| વોર્ડ | પુરૂષ | સ્ત્રી | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૯૬૯૭ | ૯૧૨૮ | ૦ | ૧૮૮૨૫ |
| ૨ | ૧૧૯૪૯ | ૧૦૯૯૩ | ૨ | ૨૨૯૪૪ |
| ૩ | ૧૦૯૧૧ | ૧૦૩૪૮ | ૦ | ૨૧૨૫૯ |
| ૪ | ૧૪૪૫૯ | ૧૨૮૦૮ | ૧ | ૨૭૨૬૮ |
| ૫ | ૧૧૨૮૭ | ૧૦૭૬૧ | ૧ | ૨૨૦૪૯ |
| ૬ | ૧૩૧૭૧ | ૧૨૧૬૩ | ૦ | ૨૫૩૩૪ |
| ૭ | ૧૧૨૦૪ | ૧૦૫૭૪ | ૦ | ૨૧૭૭૮ |
| ૮ | ૧૫૫૭૪ | ૧૪૮૮૮ | ૨ | ૩૦૪૬૪ |
| ૯ | ૧૬૭૧૪ | ૧૬૩૯૦ | ૨ | ૩૩૧૦૬ |
| ૧૦ | ૧૫૩૦૬ | ૧૪૭૬૧ | ૧ | ૩૦૦૬૮ |
| ૧૧ | ૧૫૪૨૨ | ૧૪૪૭૧ | ૦ | ૨૯૮૯૩ |
| ટોટલ | ૧૪૫૬૯૪ | ૧૩૭૨૮૫ | ૯ | ૨૮૨૯૮૮ |

# જિલ્લામાં ખેડૂત ખાતેદારોની સંખ્યા વધી : મધ્યમ અને મોટા ખેડૂત ખાતેદારોની સંખ્યા ઘટી

## મનરેગામાં માનવદિન રોજગારી ઘટી : જિલ્લામાં રમત-ગમતના મેદાન માટે બે વર્ષમાં રૂ. ૩૦૦ લાખ ફળવાયા

ગાંધીનગર, તા. ૪

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં ગાંધીનગર જિલ્લાના નવ જેટલા પ્રશ્નો રજુ થયા હતા પરંતુ અગ્રતા ક્રમમાં તે પાછળ હોવાથી બધા પ્રશ્નો લેખિત બન્યા હતા.

પ્રશ્નોત્તરીનો સમય સામાન્ય રીતે ઉત્તેજનાસભર હોય છે પણ આજે એવી રાજકીય ઉત્તેજનાઓ પ્રશ્નોત્તરીના સમયમાં બહુ જોવા મળી ન હતી. આજે ગૃહમાં કૃષિ, ગ્રામ વિકાસ, વાહન-વ્યવહાર, નાગરિક પુરવઠા, પ્રવાસન, સલાહકાર અને રમત-ગમત વિભાગને લગતા પ્રશ્નો રજુ થયા હતા.

- **ટ્રેક્ટર ખરીદીમાં સહાય**

કોંગીના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦ ની સ્થિતિએ બે વર્ષમાં ટ્રેક્ટર સહાય અરજીઓ અંગે મળેલ અરજીઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યુ હતુ કે ૨૦૧૯-૨૦ માં ૧૫૮૬ અરજીઓ અને ૨૦૨૦-૨૧માં ૨૦૨૬ અરજીઓ તંત્રને મળી હતી.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૧૯-૨૦ માં ૮૧૩ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. આ મંજૂર



**વિધાનસભામાં ગાંધીનગર** - પ્રકાશ જહા

કરાયેલ અરજદારોને રૂ. ૩૭૪ કરોડની સહાય આપવામાં આવી હતી.

૨૦૨૦-૨૧ માં ૩૧-૧૨-૨૦ ની સ્થિતિએ ૩૭૬ અરજીઓ મંજૂર કરી અને રૂ. ૧,૭૫,૬૫,૦૦૦ ની સહાય ચૂકવી આપવામાં આવી છે.

અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૯-૨૦ માં ૭૭૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી. જેમાં કલોલની ૧૦૦, ગાંધીનગર તાલુકાની ૨૩૨, દહેગામ તાલુકાની ૨૭૯ અને માણસાની ૧૬૨ અરજીઓનો સમાવેશ થાય છે.

આજ પ્રમાણે ૨૦૨૦-૨૧ ના વર્ષમાં કલોલ તાલુકાની ૪૯, ગાંધીનગર તાલુકાની ૧૧૮, દહેગામ તાલુકાની ૧૭૭ અને માણસા તાલુકાની ૯૬ અરજીઓ મળી ૪૩૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

જે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે તેના કારણોમાં નિયત મોડલની ખરીદી ના કરેલ હોય, નિયત સમય મર્યાદામાં દરખાસ્ત રજુ કરેલ ના હોય, અગાઉના વર્ષોમાં સહાય લીધી હોય, જરૂરી સાધનિક પુરાવા રજુ ના કર્યા હોય તેવા કારણોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૨૧૭ અરજીઓ નિકાલ કર્યા વગરની પડતર અરજીઓ છે. તેમ પણ મંત્રીએ જણાવ્યુ હતુ.

- **મનરેગાની ગ્રાન્ટ**

કોંગીના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે મનરેગાની ગ્રાન્ટ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રી જણાવ્યુ હતુ કે

● અનુસંધાન પાન-૭ પર



ઉનાળાનુ અમૃત ફળ કેરીનું બજારમાં આગમન થઈ ગયુ છે. ભલે અત્યારે તે કાચી હોય પરંતુ આ સ્વરૂપે પણ તેના ગુણો અપાર છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં લુ લાગવાથી બીમાર પડવાનો ખુબ ભય હોય છે. કાચી કેરી ખાવાથી લુ લાગતી નથી. કાચી કેરીનું કચુંબર અને કાચી કેરીનુ શરબત ખુબ જ સ્વાદિષ્ટ લાગે છે. અત્યારે ભલે થોડીક મોંઘી લાગતી હોય પરંતુ જેમ જેમ આવક વધશે તેમ તેમ તેનો ભાવ ઘટશે.

# પાણી-ગટર વેરો સમયસર ચુકવી વળતરની યોજનાનો લાભ લેવા તંત્રની અપીલ

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં પાણી ગટર વેરા વસુલાત માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. અંદાજિત ૨૬ હજારથી વધુ જોડાણકર્તાઓ પાસેથી વેરો ઉઘરાવવા માટે પાટનગર યોજના ભવનની ડિવીઝનલ કચેરી ઉપરાંત સે-૩ ની ડ્રેનેજ ઈન્કવાયરીમાં કાઉન્ટર શરૂ કરાયુ છે. ત્યારે માર્ચ મહીનાના અંત સુધીમાં વેરાનુ ચુકવણુ કરીને વળતરની યોજનાનો લાભ લેવા માટે પણ તંત્રએ અપીલ કરી છે.

શહેરમાં હાથ ધરાયેલ પાણી ગટર વેરાની ઝુંબેશ અન્વયે હાલ વેરા વસુલાત કરવામાં આવી રહી છે. જયારે પાણી ગટર વેરા અન્વયે નાગરિકોને ઘરે ઘરે બિલ પહોંચતા કરાયા છે. જયારે બિલ ન મળ્યુ હોય તેવા કિસ્સામાં પાટનગર યોજના ભવનની કચેરી પેટા વિભાગ નં-૧૮ માં સપર્ક કરવા પણ જણાવાયુ છે. હાલ આગામી તા ૩૧ માર્ચ સુધી સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી વેરો સ્વીકારવામાં આવી રહ્યો છે.જયારે વેરો ચુકવનારને વળતરનો લાભ પણ આપવામાં આવી રહ્યો છે. વેરો ચુકવવા માટે પાટનગર યોજના

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યના પુરવઠા મંત્રીનો તર્ક

# રાજ્યમાં તેલના ભાવ કોરોનાના કારણે વધ્યાં છે

## હકીકતમાં તો વેપારીઓની સંગ્રહાખોરીના કારણે જનતા મોંઘવારીના ખપ્પરમાં હોમાય છે છતાં સરકાર માત્ર પરિપત્રના નાટકો કરી રહી છે

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં કપાસ અને મગફળીની મબલખ આવક છતાં સિંગતેલ સહિતના તમામ પ્રકારના ખાદ્યતેલોના ભાવમાં એક વર્ષમાં ૬૦૦ થી ૭૦૦ રૂપિયાનો વધારો થયો છે છતાં રાજ્યના પુરવઠા મંત્રીનો તર્ક એવો છે કે કોરોના સંક્રમણના કારણે ખાદ્ય તેલના ભાવ વધી રહ્યાં છે. હકીકતમાં વેપારીઓની સંગ્રહાખોરીના કારણે જનતા મોંઘવારીના ખપ્પરમાં હોમાઈ છે.

રાજ્ય વિધાનસભામાં કપાસિયા અને સિંગતેલના આપવામાં આવેલા આંકડા પ્રમાણે જાન્યુઆરી ૨૦૨૦ માં કપાસિયા તેલનો ભાવ પ્રતિ કિલોગ્રામ ૮૭ અને સિંગતેલનો ભાવ ૧૦૭ રૂપિયા હતો. વર્ષના આખરે એટલે કે ડિસેમ્બર ૨૦૨૦ માં કપાસિયા તેલનો પ્રતિ કિલોગ્રામ ૧૦૪ અને સિંગતેલનો ભાવ ૧૪૯ રૂપિયા થયો છે.

એવી જ રીતે જાન્યુઆરી ૨૦૨૦ માં કપાસિયા તેલનો ૧૫ કિલોગ્રામનો ડબ્બો ૧૨૬૩ રૂપિયે મળતો હતો અને સિંગતેલનો ડબ્બો ૧૫૫૫ રૂપિયે મળતો હતો જેનો ભાવ ડિસેમ્બર ૨૦૨૦ માં અનુક્રમે ૧૫૧૨ અને ૨૧૭૧ રૂપિયા થયો છે. આજે આ તેલના ભાવ આસમાને પહોંચી ગયા છે છતાં પુરવઠા વિભાગ કોઈ પગલાં લેતું નથી.

પુરવઠા વિભાગ કહે છે કે સિંગતેલ અને કપાસિયા તેલના ભાવોને અંકુશમાં લેવા માટે ભારત સરકાર દ્વારા જરૂરી પરિપત્રો કરવામાં આવે છે. એટલે કે સરકાર માત્ર પરિપત્રો કરે છે પરંતુ સંગ્રહાખોરોને છાવરી રહી છે. પુરવઠા મંત્રી એવું કહે છે કે રાજ્યમાં ૨૦૨૦ માં વૈશ્વિક ગંભીર મહામારી કોરોનાની અસરોના કારણે એપ્રિલ ૨૦૨૦ થી સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં વધારો જોવા મળે છે.

બીજી તરફ રાજ્યના કૃષિ વિભાગના આંકડા છે કે ગયા વર્ષ કરતાં ૨૦૨૦ ના વર્ષમાં રાજ્યમાં મગફળી અને કપાસિયાનું વિક્રમસર્જક ઉત્પાદન થયું છે. મગફળી અને કપાસનો પુરતો જથ્થો હોવા છતાં ખાદ્યતેલોના ભાવમાં વધારો એ સાબિત કરે છે કે વેપારીઓ ખાદ્યતેલની સંગ્રહાખોરી કરી રહ્યાં છે છતાં સરકાર તેમની સામે કોઈ પગલાં લઈ શકતી નથી.

# રમત-ગમત માટે ઈન્ડોર સ્પોર્ટસ બિલ્ડીંગને અનુલક્ષી ૧૧.૪૦ કરોડ ખર્ચાશે

## જિલ્લામાં રમતગમતની પ્રવૃતિને વેગ આપવા માટે બે વર્ષમાં ૨ કરોડની ફાળવણી

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં ખેલે ગુજરાતના કન્સેપ્ટને વેગ આપવા માટે રમત ગમતના મેદાન ઈન્ડેર સ્પોર્ટસ બિલ્ડીંગ તૈયાર કરવાનુ પણ આયોજન કરાયુ છે. રમતગમતના મેદાનો તેમજ ઈન્ડોર સ્પોર્ટસ બિલ્ડીંગને અનુલક્ષી રૂ ૧૧.૪૦ કરોડનો ખર્ચ કરાશે.જયારે આ અન્વયે છેલ્લા બે વર્ષ દરમિયાન રૂ ૨ કરોડની રકમ ફાળવવામાં આવી છે.

ગાંધીનગરમાં રમત ગમતના મેદાનો તેમજ ઈન્ડોર સ્પોર્ટસ બિલ્ડીંગને અનુલક્ષી રૂ ૧૧.૪૦ કરોડનો ખર્ચ કરાશે. જયારે છેલ્લા બે વર્ષમાં આ કામગીરીને વેગ આપવા માટે રૂ ૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રમતગમતની વૃતિ પ્રવૃતિને પ્રોત્સાહીત કરવા માટે અને ખેલે ગુજરાતના અભિગમ સાથે રમતગમતના મેદનોને પણ

● અનુસંધાન પાન-૭ પર





કોરોના વેક્સિનેશન - વેક્સિનેશનના બીજા તબક્કાના ચોથા દિવસે રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે કોરોના વેક્સિન લીધી હતી.... જ્યારે સ્વામીનારાયણ ગુરૂકુળના સંસ્થાપક શ્રી હરિપ્રકાશ સ્વામીજીએ પણ કોરોનાની વેકિસન લીધી હતી. આ ઉપરાંત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંસ્થાના સંચાલક શ્રી રામકૃષ્ણ સ્વામીજી દ્વારા સંસ્થાના વૃધ્ધ સંતોના રસીકરણ માટે પણ પ્રોત્સાહીત કર્યા હતા.

# શહેરના ચ-માર્ગ પર બે અન્ડર પાસ બનાવાની યોજના હજુ આખરી થઈ નથી

## નગરના મુખ્ય ઘ અને ગ-માર્ગ પર અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે ત્યારે મુખ્ય ચ-માર્ગ પર ટ્રાફિકને ડાયવર્ટ કરી શકાય તેમ નથી

ગાંધીનગર તા ૪

શહેરના ઘ અને ગ માર્ગ પર હાલ અન્ડર પાસ બનાવાની કામગીરી ચાલી રહી છે. જયારે અન્ડર પાસના નિર્માણને અનુલક્ષી નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનો સિનારિયો પણ બદલાયો છે. ત્યારે ચ માર્ગ પર અન્ડર પાસના પ્રોજેકટનુ આયોજન હજુ આખરી થયુ નથી. ચ માર્ગ પર ચ-૨ અને ચ-૩ પાસે અન્ડર પાસ બનાવાની વિચારણા અગાઉ કરવામાં આવી હતી જયારે આ અન્વયે રૂ ૫૦ કરોડના ખર્ચના અંદાજ સાથે તંત્રએ વિભાગને દરખાસ્ત પણ કરી છે. પરંતુ હજુ સુધી અન્ડર પાસની યોજના આખરી થઈ નથી. જો કે હાલ આમ પણ મુખ્ય બે માર્ગ પર ટ્રાફિક ડાયવર્ટ કરાયો છે. ત્યારે આ કામગીરી પુર્ણ થયા બાદ જ ચ માર્ગ પર અન્ડર પાસના નિર્માણ માટે ગતિવિધિ હાથ ધરાશે.

શહેરના ઘ અને ગ માર્ગ પર હાલ અન્ડર પાસ બનાવાની કામગીરી ચાલી રહી છે. વધતા ટ્રાફિક વચ્ચે નગરમાં ટ્રાફિકનો સિનારિયો બદલાયો છે. જયારે સમય જતા માર્ગ સલામતીને

**અન્ડર પાસની દરખાસ્ત પણ હજુ પેન્ડીંગ : ચ-માર્ગ પર ચ-૨ અને ચ-૩ પાસે અન્ડર પાસના નિર્માણ માટે અંદાજિત ૫૦ કરોડના ખર્ચનો અંદાજ**

સ્પર્શતા પ્રશ્નો પણ વધુ જટીલ બન્યો છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં તબક્કાવાર રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. સેકટરોના એપ્રોચ માર્ગોને પણ

● અનુસંધાન પાન-૭ પર

# મનપા દ્વારા ૧૫મીથી વિકાસ પર્વ ઉજવાશે

## ૪૦૦ કરોડના કામોનું લોકાર્પણ અને ખાત વિધિ માટે પ્રાથમિક આયોજન તૈયાર કરાઈ રહ્યુ છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગામી ૧૫ મી માર્ચથી ૨૦ માર્ચ દરમ્યાન વિકાસ પર્વની ઉજવણીનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રૂ. ૪૦૦ કરોડથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ તેમજ ખાત મુહૂર્ત વિધિ આ પર્વ દરમ્યાન હાથ ધરવામાં આવશે. આ માટે વિવિધ મહાનુભાવોનો સમય અને સ્થળની પસંદગીની કવાયત ચાલી રહી છે.

મળતા સંકેતો મુજબ ગાંધીનગરમાં સે. ૧૭ માં આવેલ ફાયર સ્ટેશન તેમજ તેની પાછળ બનેલ મનપાની નવી કચેરીનું લોકાર્પણ તેમજ સે. ૪, ૮ અને ૧૯ ના બગીચાઓનું રિનોવેશન પૂર્ણ થયુ હોવાથી તેનું લોકાર્પણ, વ્હીકલ પુલનું કામ પણ પૂર્ણ થયુ હોવાથી તેનુ લોકાર્પણ તેમજ ગાંધીનગર શહેરમાં નવા સમાવાયેલ વિસ્તારોમાંથી અમિયાપુર અને

● અનુસંધાન પાન-૭ પર

# સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટની યાદી જણાવે છે કે, છેલ્લા એક સપ્તાહથી કેટલાક વર્તમાનપત્રોમાં ગાંધીનગરમાં સેવાભાવી અને સ્વચ્છ પ્રતિભા ધરાવતા સામાજિક કાર્યકર શ્રી જીલુભા ધાધલની વિરુદ્ધમાં મનઘડત અને પાયા વિહોણા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. જેનાથી સેવાભાવી કાર્યો સાથે સંકળાયેલા તમામ વ્યક્તિઓને અત્યંત દુઃખ થયેલું છે અને સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના સભ્યોની લાગણી દુભાઈ છે. અમો આ આક્ષેપોને સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ.

ગાંધીનગર શહેર શ્રી જીલુભાની સેવાભાવી પ્રવૃત્તિઓથી સંપૂર્ણપણે વાકેફ છે. તેઓની સાથે શહેરના અગ્રણીઓ પણ સેવાભાવી કાર્યોમાં સંકળાયેલા છે. મુક્તિધામને એક દર્શનિય સ્થળ બનાવવામાં તેઓને અથાગ મહેનત રહેલી છે. મુક્તિધામ સ્થિત લાયબ્રેરી કાર્યરત કરેલ છે. તેમાં અનેક યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અને અન્ય પુસ્તકોનો લાભ લે છે. શ્રી જીલુભાના ધર્મપત્ની શ્રીમતી હર્ષાબા ધાધલ કે જેઓ ગાંધીનગરના કોર્પોરેટર છે અને તેઓની ગ્રાન્ટમાંથી મુક્તિધામને સુવિધાયૂક્ત બનાવવામાં આવેલ છે. કોરાના મહામારીના કપરા કાળમાં તેઓની સેવાઓ અવિસ્મરણીય રહેલી છે. પોતાના જીવના જોખમે તેઓએ કોરોના સંક્રમિત કુટુંબોને ટીફીન સેવા, સેનેટાઈઝરની સેવા તેમજ કોરોનાથી મૃત્યુ પામનાર લોકોના અંતિમ સંસ્કાર સહિતના તમામ કાર્યોમાં રાત દિવસ જોયા વિના સતત સેવા કરેલી છે.

હાલમાં જે બાબત પરે તેમના પર આક્ષેપો થયેલ છે તે રેડક્રોસ સંસ્થામાં તેમણે ચાર્જ સંભાળતા પહેલાના સાત વર્ષ પહેલાનાં છે. સામાન્ય સભા બોલાવવામાં આવેલ ન હતી, ૨૦૧૫થી શ્રી જીલુભા હસ્તક રેડક્રોસનો વહીવટ આવવાથી તેમાં પારદર્શીતા આવતા અને ખર્ચનું રેગ્યુલર ઓડિટ થવાના કારણે રેડક્રોસમાં અંગત હિતો ધરાવતા લોકોને યેનકેન પ્રકારે શ્રી જીલુભાની સ્વચ્છ ઈમેજને ખરડવાના બદઈરાદે અને તેમની લોકચાહના જોઈને ઈર્ષાભાવનાથી પ્રેરાઈને તેમની છબી ખરડવાના હીન પ્રયાસો કરાઈ રહ્યા છે. જેને સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ તથા સંલગ્ન સંસ્થાઓના દરેક સેકટર પ્રતિનિધિઓ સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ.

નિલેન્દુ વોરા,
ટ્રસ્ટી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com